


श्रीहरि श्रीमतेरामानुजायनमः

श्री हरिः

श्री सद्गुरुदेव परमात्मने नमः

લેખક શ્રી વૈષ્ણવ વિપ્ર મુકુંદ રામાનુજદાસ પુજારી.

# નુરમાસનું ધ્યાન.

? પ્રગટ નથુ શ્રીવૈષ્ણવ શ્રીખોરાસાવાળા.

લી.

?૦

નો ધનુરમાસ.

આનો ધર્માદામાં જશે.

—શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરિલાલે છાપ્યું.

અમદાવાદ

શ્રી ગોદામા, એટલે શું; કોણ, અને ક્યાંનાં, તે શ્રી વૈષ્ણવ તો જાણેજ, પરંતુ અન્યને માટે, અહિં અતિ ટુંકમાં ઓળખ આપી છે, કે શ્રી ગોદામાનું પ્રાગટ્ય દક્ષીણ દેશમાં (શ્રી વિલિપુતુર) નામે ગામમાં પરમસાત્વીક પ્રભુના પાર્ષદ અવતારિ પુરૂષ વિપ્ર શ્રીવિશ્નુચિત્ત સ્વામીને ત્યાં તુલસીના ક્યારામાં જમીનમાંથી શ્રી જાનકીજીની પેઠે થયું છે તે પ્રપન્નામૃતના મેં પુસ્તકમાં વિસ્તારથી કહ્યું છે; તે ગ્રંથ ગુજરાતિ ભાષામાં તૈયાર છે; મંગાવો એટલીજ વાર છે, મુલ્ય ૧ રૂપિયો પોષ્ટેજ આના ચાર છે; ધનુરમાસ એટલે ધનસંક્રાન્તી બેસે ત્યાંથી મકર સંક્રાન્તી સુધી શ્રી ગોદામાયેં કાત્યાયની વ્રતની પેઠે વ્રત કર્યાં, ૩૦ દીવસનાં ૩૦ પાસુર (ગાયન) ઉચ્ચર્યાં; છેવટ શ્રી વરને વર્યાં શ્રી ભુમીદેવીનો અવતાર હતો એમ ઠર્યાં શ્રીરંગનાથેં તેને સ્વદેહેં સહુ દેખતાં સ્વસ્વરૂપમાં સ્વીકાર કર્યાં તે અનુષ્ટાન આચાર્યે આચર્યાં, તે શ્રી ગોદામાનાં ગાયન ગ્રંથોમ ભર્યાં તે ઉપર અનંત વિવેચન અનંત પુર્ષોયેં કર્યાં તે જોઈ ધ્યાનમાં ધર્યાં તે સંસારને તર્યાં એ આંડાલ (ગોદામા) સંબંધી ૩૦ ગાયન અમે પ્રભુ પ્રેરણાથી તૈયાર કર્યાં તે આ નાની પોથીમાં ભર્યાં છે; લી૦ મુકુંદ રામાનુજદાસ (ઉર્ફે) મેઘલાલજી. માંગરોળ વાળા પુજારિ.—મુ. શ્રી—ખોરાસા.

(દોહરો).

પુસ્તક પ્રૂફ તપાસીને, છપાવ્યું છે કરિ શુદ્ધ;<br>
તોય કોય ભુલ હોય તો, સુધારશો સહુ બુદ્ધ.

શ્રી

# અર્પણ પત્રીકા.

શ્રી કૃષ્ણચંદ્રના કૃપાપાત્ર અનંતશ્રીના અનુયાયી માનવંતા મહાશય પરમ ભાગવત દરબાર સાહેબ શ્રી ૭ વાજસુરવાળા બાપુ (ઉર્ફે) શ્રી વ્રજવલ્લભ રામાનુજદાસજી.

મુ૦—શ્રી કુંડળા.—સ્વસ્થાન. બગસરા. ભાયાણી.

( મરાઠી સાખી. )

શ્રી વ્રજવલ્લભના પદ તે વ્રજવલ્લભને વલ્લભ થાશે;
હોંશ ધરીને હમેશ તે શ્રી કૃષ્ણચંદ્ર પાસે ગાશે. ૧
તેથી પાત્ર ગણીને માત્ર કરૂં હું અરપણ દીન આશે;
સ્વીકારશો વાજસુરબાપુ તે સુ સ્વરથી સ્નેહે ગાશે. ૨
મુકુન્દનો આનંદ ધ્યાન છે ધનુર માસનું ગાન વિશે;
શ્રીગોદા મા ને અનુસરતું અનુસંધાન થશે એ વિશે. ૩

(હાલ) મુ૦—શ્રી બોરાળા.
સં. ૧૯૭૬ પોષ શુદિ ૧૦
ગુરુવાર તા. ૧-૧-૧૯૨૦

લી૦ ભગવત્ ભાગવત આચાર્યનો આધીન અકિંચન
સેવક. મુકુન્દ રામાનુજદાસ.

श्रीमते रामानुजाय नमः

# શ્રીગોદામ્મા સંબંધી ગાયન અર્થાત્ ધનુર માસનું ધ્યાન.

नीला तुंग स्तन गिरि तटी, सुप्त मुद्बोध्य कृष्णं
पारार्थ्यं स्वं श्रुति शत शिर, स्सिद्ध मध्यापयंती
स्वोच्छी ष्टायां स्रजिनि गलितं, या बलात्कृत्य भुंक्ते
गोदातस्यै नम इदमिदंभूय एवास्तु भूयः ॥ १ ॥

(પદ (૧) લું. (રાગ)—રઘુપતિરામ; એને સેજ સળતો છે;—)
ધન્ય ધનુર્માસ, બારાસામાં ખાસ, સ્વામીજીની પાસ,—ટેક.
ઉતમ ઉજવાયેરે; ગામ આખું ગોષ્ટિ લેવા જાયે;- ધન્ય૦—૧
પ્રાતે વ્હેલાં પ્રપન્ન જન ન્હાતારે, પુંડ્રમાળ ધરિ હરિ ધ્યાતારે;
નોબત બજતાં મંદીરે પહોંચી જાતાં;— ધન્ય ધનુર્માસ૦—૨
સૌના પહેલાં પુજારિજી ન્હાતારે, સેવામાં હે સામીલ થઇ જાતારે;
ગોદામ્માનાં પાસુર જન ગાતાં;— ધન્ય ધનુર્માસ૦—૩
ભાવિક ભક્તો વિવિધ ભોગ ધરતારે, ગોદામાને નામે ગષ્ટિ કરતારે;
ઇષ્ટ તરફથિ બહુમાન મળતાં;— ધન્ય ધનુર્માસ૦—૪
સ્વામી રઘુનાથના હાથ મોટારે, એના રાજ્યમાં આવે ન ટોટારે;
મુંકુંદ ન મળે એના જોટા;— ધન્ય ધનુર્માસ૦—૫

( પદ (૨) જું—રઘુપતિરામ રૂદેમાં રેજોરે—એ ઢબ— )
આવો બેની આજ ગોદામાને ધ્યાયેંરે;—ટેક.
હળમળિને હેતે ગુણ ગાયેં;—આવો બેની૦—૧
ધનુર્માસ બેઠો ખાસ આજેરે, ગોદા પ્રગટ્યાં પ્રપન્નજન કાજેરે

આચરણુ કરે આચારિ આજે; આવો બેંની૦–૨
પ્રગટયાં વિષ્નુ ચિત્ત સ્વામી ધામેંરે, ખ્યાત થયાં અંડાલ્લમાં નામેંરે;
વૃત્તિ રાખી વૃજ ભુમિની સામે;–આવો બેંની૦–૩
તુલ્સી ક્યા રામાંથિ કૃપા કીધીરે, વિષ્નું ચિત્તે પુત્રી માની લીધીરે;
ભુમીં રૂપ ખ્યાતિ રંગેશે કીધી;–આવો બેની૦–૪
પહેલેથિ આજે પાસુર ભણિયેંરે, કીધી કૃપાનેં કરશે ધણીએરે;
મુકુંદ દાસી માતની બણીએં;–આવો બેની૦–૫

( પદ (૩) જીું–શું શું વરણું શણગાર શ્રીજીમાત તણા–એ ઢ્ય– )
ગાયેં ગાયેંરે સુંદર ગીત ગોદામાત તણા;–ટેક
ધ્યાયેં ધ્યાયેંરે પાદ પુનિત કંઇ રહેન મણા;
વૃજવિલાસિણી હરિ અભિલાષિણી મહાકલ્લાશિણી દેવિરે;
તેના ચરણનું ધ્યાન ધારિને થાયેં કૃતારથ સેવિરે;–ગોદામ્માત૦–૧
પ્રાકૃત જનનીં જાત નથી એ અવનીંનો અવતારરે.
અયોનિજા એ આપેં પ્રગટયાં, આચારિ આલવારઃ–ગોદામ્માત૦–૨
દ્રાવિડેં દાખવ્યો દિવ્ય પ્રભાવ વૃજભુમિનો ભારિરે;
ધનુરમાસમાં મળવા કૃષ્ણનેં થયાં છે દ્રઢવ્રત ધારિરે;–ગોદામ્માત૦–૩
ગુણ ગાતાં અવગાહન કરવા જમુનાંજીમાં જાતાંરે;
મુકુંદ માન્સીક સેવા કરતાં માદક ચીજ નથી ખાતાંરે;–ગોદામ્માત૦–૪

( પદ (૪) શું–પુનમ ચાંદની–એ ઢ્ય– )
આવો બ્હેની ગોદામ્માના ગુણ સહુ ગાઇએંરે;–ટેક.
ચાહિએં ગોદામ્માજીના જેવો સુસ્વભાવ;
કૃષ્ણ પર ભાવ ભક્તિનેં વિષય વિરક્તિ માગીએંરે;–આવો૦–૧
જઇએ જમુનાંજીને તિરે ધરિનેં ધ્યાન,

કોકિલા કૃષ્ણચંદ્રને સ્તવિયે સાચા સ્નેહથી;–આવો૦–૨
નટવર નાગર સુખનો સાગર સુંદર શ્યામ,
પુરે મન હામ આપણી ગોદામ્માંના ગાનથીરે;–આવો૦–૩
(સાખી) ગોદામ્મા ગોવિંદનું, ગાયે સહુ મળિગાન;
ગોપિનાથ ગીરધારિનું, હૃદિયે ધરિયે ધ્યાન;
વૃજભુમીમાં વિહાર કરિયે વિરહિ આપણેરે;
વલખતાં ફરિયે વિઠ્ઠલ વિયોગી વારંવાર;
પ્રાણાધાર પ્રગટિને કષ્ટ આપણાં કાપશેરે,–આવો૦–૪
(સાખી) શ્રીગોદાની સાહાયથી, પ્રગટ થશે યદુરાય;
ચરણ કમલમાં સ્નેહથી, રહેશું સહુ લપટાય;
સદા સેવિ શ્રીવરને સાચા સુખડાં માણશુંરે;
આણશું ગોદામ્મા ગોવિંદ ઉરે ગુણ ગાય
પછી નહી થાય અનુભવ એ ઉરથિ અળગો કદીરે,–આવો૦–૫
(સાખી) બંસીધર શ્રીકૃષ્ણજી, છેલ છબીલો શ્યામ
આપણને આવી મળે, એવિ ધરિયે હાંમ;
શ્રીવર ધન શ્યામ પુરે મન હામ સુકામ ઉરે કરેરે
ધ્યાન ધારણા સમાધી સાધનથી વધુ પ્રિત
ઝીંત થાશે જુગજીવનની એને ઉર ઝંખતાંરે;–આવો૦–૬
(સાખી) અંત મતિ એવિ ગતી, ખાસ્ત્ર કહે શક ધોય;
પ્રભુજીને પામ્યા પછી, કષ્ટ નડે નહિં કોય;
મુકુંદ મ્હાસુખ જગત પતિને જોઇ પામશુંરે
કામશું વિષય સુખોનું પડે ત્યાં પછી ક્લેશ;
ક્લેશને દૂષ હમેશને માટે બંધ બધા થશેરે;–આવો૦–૭

( પદ (૫) મું-પ્રિય સભાજનો-એ ઢબ- )
ગોદામ ગોદામ ગોદામ તારૂં પ્યારૂં લાગે નામ;
બાળની સંભાળ લેવા સજ છો આઠુંજામ;-ટેક.
અમે તમારાં બાળક સર્વે તમે અમારાં માત;
સાથે રાખી સુધારિને સોંપશો હરિને હાથ;-ગોદામ૦-૧
સ્નેહ ધારિને સુતાં સર્વને ઉઠાડતાં શ્રીમાત;
સ્નાન કરાવિ જ્ઞાન સ્મરાવિ બતાવતાં મમતાત;- ગોદામ૦-૨
શું શું ઉપકારોને સ્મરૂં હું શું શું તુજ ગુણ ગાઉં,
માત તમારા રૂણમાંથી હું ઉરૂણ કદી નહિં થાઉં;-ગોદામ૦-૩
મુકુંદનું તન મન ધન જીવન ધન્ય કરાવ્યું માત;
ઉર ઉપકારો સંભારિને થાઉ અતિ રળિયાત;-ગોદામ૦-૪
પદ (૬) ઠું-નમુંનમું શ્રી રણછોડરાય-એ ઢબ-
નમું નમું ગોદામ્મા માત, શ્રીમત્ રંગમંદાર પ્રભુને હે તેં જોડું હાથ
ઝાલ્યો હાથ, રાખ્યો સાથ, કીધો કૃપાથિ સનાથ;-નમુંનમું૦-૧
ઉત્સવમાં તેડાવિ આપે આપિલ્હાણુ અમાપ;
કાપ્યાં પાપ માને બાપ જણાવ્યો અમીત પ્રતાપ;-નમુંનમું૦-૨
ખાસ સ્વહસ્તે સેવા લીધી કીધી શુચિ જાત;
દહાડો રાત ઉમંગ સાથ વિતાવ્યાં રહિને સાથ;-નમુંનમું૦-૩
પ્રીતીથી પાસુર વંચાવિ સમજાવ્યા સુ અર્થ,
છો સમર્થ ગુપ્ત ગર્થ દીધોને કીધો સનાથ;-નમુંનમું૦-૪
કુમુંદનું મન શુદ્ધ કરિને સુબુદ્ધિ દેજો માત;
પ્રિતિ સાથ દીન રાત ગાયા કરૂં તારિ ગાથ;- નમુંનમું૦-૫
( પદ (૭) મું આજનાં ઘડી રળિયામણી-એ ઢબ- )
અમે આવ્યાં ગોદામાની ગોદમાં,

માત ગોદમાં બાળનું મનમોદમાં હોજીરે;–આવ્યાં;૦–૧
માત ગોદા અવનિનો અવતાર છે,
એના ખોળામાં બધે બધાં બાળ છે હોજીરે;–આવ્યાં,૦–૨
અન્ન પાણિ અમને એ નિત આપતાં,
હુકમ પાળિયે તો હરિ પદે સ્થાપતાં હોજીરે;–આવ્યાં;૦–૩
ગોદા માત વિનાં કાંઇ ન રહિ શકે;
એના વિનાં કોઇનું જીવન નહિં ટકે હોજીરે;–આવ્યાં;૦–૪
શિરે ષેષજી ગોદામ ને ધારિ રહયા,
અંડાલમ્માંએ ભુમીનેંજ છે કહ્યા હોજીરે;–આવ્યાં;૦–૫
શ્રી, ભુ, નારાયણ નેં જે ધારિ રહ્યા,
જેના અંગ ઉપર રંગજી રાજી રહયા હોજીરે;–આવ્યાં;૦–૬
ધન્યભાગ્ય ગુરૂ એજ અમારા થયા,
મુકુંદ મળતાં ભવના ફેરા ગયા હોજીરે;–આવ્યાં;૦–૭
(પદ (૮) મું–આવા રૂડા શ્રીવૈકુંઠનાથ નયનથી નીરખીશ ક્યારે;–એઢબ)
ગાવા ચાહું ગોદામ્માનું ગાન ધરિ ધ્યાન અરજ ઉચારૂં;
વસજો વાણીમાં માતુશ્રીમાન મંગળ મન કરજો અમારૂં;
ગરજી થૈ અરજી કરૂં, ગુણ ગાવા છે આશ;
અરજી માજી પુરજો, મેળવજો મુજને અવિનાશ;–મંગળ મન–૧
માતપિતુને મેળવે, બાળક અબળ ગણાય;
સબળ સમજી ગોદા તણે શરણે આવ્યાં કરાવો ઉપાય;–મંગળમન–૨
મુકુંદને મન હામ છે ગોદામ ગુણ ગવાય;
વાણી વિલસે મોદમાં અખંડ અનુભવ ઉર થાય;–મંગળમન૦–૩
(પદ (૯) મું.–ભલેં ભાવ્યા શ્રી બેટપતિ વ્હાલા૦–એ ઢબ.)
ભલેં ભાવ્યાં ભુમી દેવી આજે પ્રગટયાં પ્રપન્ન જનો કાજેં;–ભલેં૦–ટેક.

સ્વામી ત્રિશ્નું ચિત્તને ચિત્ત ભાવ્યાં, (૨)
કીધાં ન્હાવાં સ્વામી શ્રી રંગ રાજે;—ભાળ્યાં૦-૧
ગૌરાંગે ગોદામ પધાર્યાં, (૨)
વર્યાં શ્યામ સુંદર રંગ મહારાજે;—ભાળ્યાં૦-૨
મહા શ્રેયસ્કર માર્ગ બતાવ્યો; (૨)
પ્રગટે છે પોતે જનહીત કાજે;—ભાળ્યા૦-૩
મુકુંદનું મનહર સહુ વિધ શ્રેય કર; (૨)
ઘર બેઠે લ્હાવ દીધો ગુરૂરાજે;—ભાળ્યાં૦-૪

(પદ (૧૦) મું—ખમ્માં રાજા દ્વારકેશ દયાળા;—એ ઢબ.)
ધન્ય ગોદામ્માત દીવ્ય દયાળા;—ટેક.
એક અનેક રૂપો ધરે પ્રિયકાજ પરમકૃપાળાં;—ધન્ય૦-૧
ભુમિ રૂપે મેં ભાળ્યાં, ગોદા રૂપે નિહાળ્યા,
ગૌ રૂપ બની ચાલ્યાં, સજ્જન રખવાળાં;
સુધર્મ પ્રતિપાળાં, અધર્મ ઉથાપનારાં,—માત૦—ધન્ય૦-૨
ધર્મિને પ્રિતેંધારે, અધર્મિંને એન ધારે,
એનિં વ્હારેં વારંવારે, વૈકુંઠપતિ પધારે,
હરિજન્ને પાળનારા, દુરિજન્ને ટાળનારાં-માત૦-ધન્ય૦—૩
મુકુંદના મનહારિ, સંતાને સુખકારિ;
કૃપા ભાળિ તમારિ જવાય બલિહારિ;
ધન્ય ધરણિ દયાળાં બાળકોને પાળનારાં,—માત૦—ધન્ય૦-૪

(પદ (૧૧) મું—બન ગયે બેદ—એ ઢબ.)
શ્રી ગોદામ્માત અમારિરે, સહુ સુખકારિ;
શ્રી ષેષ રત્ન શિર્ષ ધારિરે, સહુ સુખકારિ;

ભુમી રૂપેં વેંકટેશના વામ ભાગમાં શોભે;
શ્રી સત્યભામાજીને સુરૂપેં, બેટમાં બિરાજે,
જેને જોતાં મન લોભેરે;–સહુ૦–૧
ધરણિ રૂપેં રહ્યા જગતને ધીરજ ધરિનેં ધારિ;
શ્રી ગોદામ્માં રૂપેં પ્રગટ્યાં, શ્રી વૈશ્નવોને સદા સહાયકારિરે;–સહુ૦–૨
વિશ્નું ચિત્ત સ્વામીંને ધામેં પ્રગટ્યા પ્રિતિ ધારિ;
કૃષ્ણ ચંદ્રવૃજ ગોપિનિં લીલા ગોદામ્માયેં ગણિ પ્યારિરે;–સહુ૦–૩
દ્રાવિડમાં તન છે પણ મનતો વ્રજ વિહારિમાં ફરતું;
દશાલવારને ઉદદેશિને, અવગાહન કરવા જમુનાજીમાં વિહરતુંરે-સહુ૦-૪
સદ્ગુરૂ શ્રી રઘુનાથ પ્રતાપેં મજા મુકુંદે લીધી;
ધનુરમાસમાં ધન્ય દયાળુ તેડાવીનેં તમે શુદ્ધ મારી લીધીરે–સહુ૦–૫

(પદ (૧૨) મું–અંતે એજ પ્રભુ અલબેલા લેવા આવશેરે;–એ ઢબ.)

ગોદામ્મા ગોપાલનાં સહુ બાલ અમેં વ્હાલાં છયેંરે;—ટેક.
અન્યનાં નહિં થયેંરે; ગોદામ્મા ગોપાલના સહુ૦–૧
પ્રતીપાલ ગોપાલ કૃપાલુ, દાદા ગુરૂ ગોપાલ દયાલુ;
ગોદામ્મા કરૂણાળુ મુકીને ક્યાં જયેરેં,
અન્યનાં નહિં થયેરે;—ગોદામ્મા૦–૨
ગોદામ્મા ગુણી, ગો, ને કરતાં, ગુરૂ ગોપાલ જ્ઞાન ઉર ભરતા;
ગોરક્ષક ગોપાલ તણે શરણે છયેંરે,
અન્યનાં નહિં થયેં;–ગોદામ્મા૦–૩
ગોપાલતો, ગો, પાલન કરંતા, ગોપાલ તે ગોલાલન કરતા;
ગોદામ, કરતાં ગીરાદાન તેને ચહિયેરે;
અન્યનાં નહિં થયેરે;–ગોદામ્મા૦–૪
મુકુંદ ગોદામ માત અમારાં, મુકુંદ લોપાલ તાત અમારા;

બાલ ગોપાલ, ગોપાલ ગુરૂનાં સહુ જ્યેરે;
અન્યનનાં નહિં થયેંરે;—ગોદામ્મા૦—૫

(પદ (૧૩) મું—દીનબંધુ પ્રભુસું પ્રદ મોઝાર હરિ—એ ઢબ.)

દીન બંધુ ગોદામ, નમું વ્હાલ ધરી, શુભ સાષ્ટાંગ કરિ;—ટેક.
પ્રભુસું ફરિ ફરિ, હાં હાં હાં હાં,—દીન બંધુ ગોદામ નમું૦—૧
ઉતમ અનુષ્ટાન રિતિ તમે પ્રગટ કરિ;
સ્હાય સાચી શ્રી વૈશ્નવોનેં ખરેખરિ;
આચારિ શ્રેષ્ટ કરિ કૃતિ બતાવિ કરિ; હાં હાં હાં હાં;—દીનબંધુ૦૨
સોહેલા સુખા સ્યામ કૃષ્ણચંદ્ર છેલ હરિં;
તેને વરવા તેં દ્રઢ મતિ સ્થીર કરિ;
સંગ, સુ, સહચરી સુકૃતિ આચરિ, હાં હાં હાં હાં;—દીનબંધુ૦—૩
માત પ્યારી મુકુંદને આનંદકારિ;
ખ્યાત તારિ સૌ લોકમાં પુરિ પ્રસારિ;
ગોદા ગુણ ધારી, જાઉં બલીહારિ; હાં હાં હાં હાં—દીનબંધુ૦—૪

(પદ (૧૪) મું—ઘણી ખમ્મારે રંગીલા રણછોડને જો—એ ઢબ.)

વારિ જાઉંરે ગોદમા તારા નામનેંજો;—ટેક.
ભેટ કરાવિ ભાવેં તેં સુંદર સ્યામનેંજો—વારિ જાઉંરે૦—૧
ગોદા વેદનીં વાણીનેં પાળનાર છે જો,
પાપ પ્રપન્ન જનોનાં બાળનાર છે જો;—વારિ જાઉંરે૦—૨
ગો, દાન; દેવામાં દક્ષ તું ખરેખરિજો;
પ્યારાં પ્રપન્ન નિંપક્ષ તું ખરે કરિજો;—વારિ જાઉંરે૦—૩
ગોદાંમ ગૌરૌ આપનું અપાર છે જો;
તારાં આશ્રીતો અંત ભવ પાર જો;—વારિ જાઉંરે૦—૪
અમે શરણે છૈએં શ્રીગોદામાતને જો;

અંત સોંપશેએ વૈકુંઠ નાથને જો,–વારિ જાઉરે૦–૫
મુકુંદ છંદ અમે એમનો ન છોડીયે જો;
પદ્મ પાદ પ્રતિ પ્રિતિ પુરી જોડીયે જો;–વારિ જાઉરે૦–૬

(પદ (૧૫) મું–ચરણુ કમળમાં વેંકટેશજી પડું છું રે–એ ઢંગ.)
વ્હાલાં ગોદા માતા સુણો વિનંતિ અમારિરે;–ટેક.
પોતાના બાળોની લ્યો સંભાળ દયા ધારિરે;–વ્હાલા૦–૧
દીન અકીંચન અમે ઓથ ગ્રહી તારીરેં;
સુગુણી બણુાવી ગોદામા લેજો સ્વીકારિરે;–વ્હાલાં૦–૨
મુજ બળથી તો બધી વાતેં છે લાચારિરે;
અબળને બળિ છે તું પ્રબળ આચારિરે;–વ્હાલાં૦–૩
મતિ કૃતિ ગતિ દેજો તારા જેવિ સારિરે;
શરણુા ગતોને ગોદા દેશો ન વિસારિરે;–વ્હાલાં૦–૪
નંદના નંદનો છંદ લગાડજો ભારિરે;
મુકંદનેં આનંદ આપજો, ગોદ ધારિરે;–વ્હાલાં૦–૫

(પદ (૧૬) મું–રાગઃકવાલીઃ ગજલ–દયાળુ દ્વારિકાં વાલે૦–એ ઢંગ.)
રંગ મંદાર ગોદામ્માં સ્મરો શ્રીમત જુગલ ચરનાં—ટેક.
સ્મરો શ્રીમત્ જુગલ ચરના, ભજો શ્રીમત્ જુગલ ચરનાં;–રંગ૦–૧
એકકોં પાદુકા ચરનાં, ઓરકોં પદ્મ પદ ધરનાં,
પિતુ માતા અમર ભરનાં, ભજો શ્રીમત જુગલ ચરનાં;–રંગ૦–૨
એકકો મુર્લી મન હરનાં, ઓરકો કર કલમ ધરનાં,
જુગલ જોડી હૈ ચિત્ત હરનાં, ભજો શ્રીમત્ જુગલ ચરના,–રંગ૦–૩
એક હૈ મોર મુકુટ ધારિ, ઓરકોં કલગી સીર પ્યારિ;
દોનું મીલકે લીલા કરનાં, ભજો શ્રીમત્ જુગલ ચરનાં–રંગ૦–૪

એક તાન બંસિસેં લગાવે, ઔર આલાપકોં મીલાવે;
મુકુંદાનંદ ગાન કરનાં, ભજો શ્રીમત જુગલ ચરનાં,-રંગ૦-૫
( પદ (૧૭) મું—રાગ-ઉપર મુજબ, )
ગોદાકે દીલ લગન લગી હૈ, શ્રી ક્રિસ્ન ચંદ્ર મીલનેકી;—ટેક.
શ્રી ક્રિસ્ન ચંદ્ર મીલનેંકી જમુનાજી જલમે ઝીલનેકી,-ગોદાકે૦-૧
જગાનેકોં ચલી જોગી, ગોદા હરિ ગાનકી ભોગી,
સયાંકો કહે ચલો બેગી, શ્રી ક્રીસ્ન ચંદ્ર મીલનેકોં;-ગોદાકે૦-૨
ગોદામ, નેં દશ સખી કલ્પી, જાયકે, દ્વારપર તલ્પી;
સમાધી શંનમેં બીલગી, શ્રી ક્રિસ્ન ચંદ્ર મીલનેકોં;-ગોદાકે૦-૩
પુકારી પ્રેમસે પાસુર, સુનાઇકે જગાવેગિ;
સંગ મીલકે ચલે સખિયાં, શ્રી ક્રિસ્ન ચંદ્ર મીલનેંકોં-ગોદાકે૦-૪
સુર્યકી સુતાકોં મીલકે કરે સ્નાન પાન પ્રિતીસેં;
સુરિતી ગ્રહિ ગોપી જૈસી, શ્રી ક્રિસ્ન ચંદ્ર મીલનેકી;-ગોદાકે૦-૫
મિલો મુકુંદ નંદલાલા, બનો તુમ આર્ત પ્રતિ પાલા;
ઉર અભીલાષ હૈ ભારી, શ્રી ક્રિસ્ન ચંદ્ર મીલનેંકી;૦-૬
(પદ (૧૮) મું-ચરણ કમલમાં વેંકટેશજી પડું છું રે-એ ઢબ, )
ગોદા મનમોદા યશોદાકે દ્વાર ઠારિહેં હો,-ટેક.
યશોદાકે દ્વાર ઠારિ, નંદ નંદનકોં પુકારિહો;-ગોદા૦-૧
દશી સખિયાં કે દ્વાર જાય કે જગાડી હૈં હોં;
સબકોં સંગમે લેકે આપતો અગારી હૈ હોં:-ગોદા૦-૨
નંદકોં વંદન સાથ વિનંતિ પઠાયેહો;
મુકુંદ આનંદ કંદ ક્રિસ્નકોં ઉઠાયેંહો;-ગોદા૦-૩
(પદ (૧૯) મું-રાગ-માઢ-આવિ પોચ્યાં શ્રી નાથ દ્વારરે૦-એ ઢબ )
ગોદા કહે યશોદા માજી બાજી સબ હૈ તેરે હાથ,-ટેક.

બાજી સબ હે તેરે હાથ તેરે વશ હે મેરે નાથ;—ગોદા કહે૦—૧
શ્યામ સલોંના સોઇ રહે કયોં હોગે હે બડી પ્રાત;
માત યશોદા દયા લાયકે જગાઇયેં ઝાલી હાથ;
કુંવર કન્હાયકોં કૃપા લાયકે. ભેજો હમારે સાથ;—ગોદા કહે૦—૨
મહા ભાગ્યે હે યશોમતિકા, વશ ભયા ભગવાન;
નારદ શારદ શીવ સનકાદીક ધારત જાકો ધ્યાન;
સો મહાન બંધીવાન હેય રહે હેતેરે હાથ;—ગોદા કહે૦—૩
રાજ્ય તેરો બ્રહ્માંદી બખાને, એસી કીની તેં કમાય,
માય હમારે પ્રિયતમકો, મીલનેં કોં હમ આય;
ખોલો દ્વાર દયાકે સાથ, બાજી સબ હે તેરે હાથ;—ગોદા કહે૦—૪
મુકુંદ નંદ નંદનકી પ્યાસી, દાસી ખડી હે દ્વાર;
ક્રિસ્ન ક્રિપાલુ કયું કસતેંહો, તલસતિ હોં સહપ્યાર;
અગ્યારોં સખિયોંપર સાંવરા અબરિ ઝોગે કબનાથ;—ગોદા કહે૦—૫

(પદ (૨૦) મું—નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો;—એ ઢબ,)
ગોપાલ નંદનો. ગોદામ્મા જગાડી રહ્યાં;—ટેક.
જગાડી રહ્યાં સખી અગાડી રહ્યાં;—ગોપાલ નંદનો૦—૧
સુતા છો શું શામળા જાગો જીવન પ્રાણુ;
પ્રાત થયું પુરૂષોતમા, આપો અમને લ્હાણુ;
લાડિલા; લાલ અમે વ્હાલથી વિનવિયેં રે;
વિયોગનાં દુખો સહુ સહિ રહ્યાં;—ગોપાલ નંદનો૦—૨
કરૂણાથી શ્રી કૃષ્ણજી, નટવર નંદ કિશોર;
આવિ મળો અમને હવે, શામળિયા ચિત ચોર,
ગતિ ગોપાળ વિનાં બીજી નથીરે;

તથાપિ કસ્નચંદ કહણુ શું થયા;–ગોપાલનંદનો૦–૬
હરિ હવે હદ થાય છે, હઠ છોડો ઘનસ્યામ,
મુકુંદ દાસીને દીલે, હવે ન રહેશે હામ;
ધામ ભણી ધણી ગણી આવ્યાં અમેરે,
રઘુનાથ ગુરૂશ્રીને હાથ હરી ના થયાં,–ગોપાલ નંદનો૦–૪

(પદ (૨૧) મું– જાગીયે જગાધીરાજ જાનકી જગાવે,–એ ઢબ,)
જાગીયે જશોમતીલાલ, લાડીલે હમારે;—ટેક.
લાડીલે હમારે મોર મુકુટ બંસીવારે;–જાગીયે૦–૧
ગ્વાલ બાલ નંદલાલ આયે તેરે દ્વારે;
ગોદાઅમાં સખી સહીત શ્યામકોં પુકારે;–જાગીયે૦–૨
સબ મીલકે રહે ખડે રાહ દેખી હારે;
રાજીવ નયન શ્યામ ક્યોં નહીં પધારે;–જાગીયે૦–૩
નંદકે નંદન ઉધર મન મુકુંદ વારે,
વંદન કરિકે ચરણુ સરોજ શીર્ષ ડારે;–જાગીયે૦–૪

( પદ (૨૨) મું–દેવ દયાલા દ્વારીકાં વાલા–એ ઢબ. )
ક્રિસ્ન કનૈયા નંદકે છૈયા ક્રિપાલુ હોઈ કર કયું કસતે હો;–ટેક.
કયું કસતેહો, નહિં ચસતેહો, નિલાકે સંગ સદા બસતેહો,–ક્રિસ્ન૦–૧
મેં બ્રીજબાલા આપ ગોપાલા,
મુજ પ્રતિપાલ કૃપાલ તુંમ્હી હો,–ક્રિસ્ન૦–૨
મુજ મન મીન પ્યારે આપહો સાગર,
નટવર નાગર મેરે તુંમ્હી તુંમ્હી હો;–ક્રિસ્ન૦–૩
નંદકે લાલા યશોમતિબાલા, દેવ દયાલ કહાયે તુમ્હીં હો;–ક્રિસ્ન૦–૪
મુકુંદ છંદ મેરે ઉર તેરાહે, ગોદામકે ગીરધારી તુમ્હીં હો.–ક્રિસ્ન૦–૫

(પદ (૨૩) મું—મથુરાંના વાસી આવા ન બનીયેંજી—એ ઢબ.)
જાગો નટવર નંદલાલરે જસોદાના જાયા આવા ન બનીયેંજી,—ટેક.
ગુણુ ગાતાં ગોદાઅમાની સંગે સહુ આવ્યાં છતાં નેણુ નિંદ્રામાંશે, ઘેરાય,
ઘનસ્યામ આમ હવે ઓપે નહિ આપનેંરે,
વિર્હે અમારો જીવ જાયરે,—જસોદા૦—૧
કાંતો—શ્રીનાથ તમનેં નિલારો કે છે ને, કાંતો નેડે નીદ્રા ભરાય;
કાંતો પરાણે મુજનેં પજવવાજ—ધારોછો,
પધારો ન સ્થાનેં જદુરાયરે;—જસોદા૦—૨
નટવર નંદલાલા ગોદાઅમાજીના વ્હાલા કરો મુકુંદપર મહેર;
નંદના નંદન વંદન કરીને વિનવું છું,
દર્શન દેવા કાં કરો દેરરે;—જસોદા૦—૩
(પદ (૨૪) મું—દેવ દ્વારિકાંવાળા, દીન દયાળા, પરમ કૃપાળા—એ ઢબ.)
જાગો જાગો ગોપાલા, ગોદામાના વ્હાલા,
જશોદાના લાલા, નટવર નંદ કીશોરઃ—ટેક.
હરિ નટવર નંદકીશોરરે શામળિયાજી ચિતના ચોર;—જાગો જાગો૦—૧
સર્વ સખિ અમે દર્શન માટે દ્વાર આવિ ઉભી નાથ,
દ્વાર ખોલો બોલો બોલો, બલદાઉ,
વ્હાલા શ્રી વૃજનાથ;—રે જાગો જાગો૦—૨
જાગો છતાં આંખિ શાને ન આપો, શીદ સતાપો છો સ્યામ;
અંતર જામી સાચા સુખ ધામીં,
શોભે ન આપનેં આમરે;—જાગો જાગો૦—૩
હરિ હવે હદ થાય છે જાજી ઝીદ્દ નકરો કૃપાળ,
દયા કરીનેં દેખાડો શ્રીમુખ, આરતના પ્રતિપાળ; રે—જાગોજાગો૦—૪
મુકુંદને મન નંદના નંદ આનંદ રખાવો સદાય;

આવિ મળો વેલા હો અલબેલા, દાસ આશાથી ગાયરે;જાગોજાગો૦-૫

(પદ ૨૫ મું-કહાનેરે એવાં મધુર વચન હરિઝટ લઘુરૂપ થયા, એ ઢબ-)

સુણીનેરે અંડાલની અરજી નટવર પ્રગટ થયા;-ટેક.
અમંગલહર, મંગલકર, મંગલકર દાખિ રહયા,
ધરીનેં દયા, કરીનેં મયા, ગોદાનેં ચહયાં;
ચરણુ શરણુ થે ચરણુ કમલમાં ગોદામ્મા નમી રહયાં;-સુણીનેરેં૦-૨
આશ્રીત જનના કલ્પતરૂ છોં, સુરતણુ સુખ ધામ;
વધ્યાં ગોદામ, પુરો મન હામ, અમેં તમામ;
તવ ચરણુ કમલની સેવસદા કરવા સહુ ચહી રહયાં;-સુણીનેંરે૦-૩
ગોવરધન ધર અધર મુરલી ધર મધુર મનોહર શ્યામ;
અઘહારિ, અસુરારિ, અતિ ભારિ,
તવ સમર્થતા સમજીનેં સ્વામીં આશ્રીત અમેં થયાં;-સુણીનેરે૦-૪
નંદનંદના કરી વંદના મુકુંદ મન અરપાય;
ચરણુ ચિત રહાય, ગુણોનીત ગાય, સુમંગલથાય,
એમ ઉરેં સહુ ચાહિ પ્રેમ પુષ્પથી વધાવી રહ્યાં;-સુણીનેંરે૦-૫

( પદ (૨૬) મું-રાગ દીંડી- )

ધન્યધન્ય ધરણીપતિ પ્રભુ પ્યારા, અમેં ચરણુ શરણ થયાં ગુરૂદ્વારા-૧
ગુરૂ ગોદામ્માં ઠર્યાં પુરિ પ્રીતેં, આચરિ બતાવ્યું અમનેં રૂડી રાતેં;-૨
એજ અનુષ્ટાન કરવું હવે જારી, ગુણુ ગાવા ગીરધારિના પુકારી; ૩
પ્રભુ જેવા વૈકુંઠેં વસે પ્રીતેં, વસે ધ્યાવાથી યોગીયોને ચીતેં; ૪
એથિ ગુણુ ગાતાં વધુ ખુશી થાતા, પ્રેમવશ મુકુંદ પ્રભુ બનીંજાતા-૫

( પદ (૨૭) મું-લાવણી-સજન સેવોશ્રી-એ ઢબ. )

પ્રભુતો બધે દિવ્ય દેખાય રેણુજો ગોદામ્માંની રખાય;

દશે ઇંદ્રિને કબજે રાખે હરિગુણ ગણુનિત ગાય,
હરિ વિયોગમાં હરતાં ફરતાં, તપ આચરે સદાય;
કાંઇ બીજી લપમાં ન ઘુંચાય;—રેણિ જો૦—૧
મનને શણગારિને માલિકને મળવાને જાય;
ક્ષમા શિલ સંતોષ સભ્યતા મન શણગાર ગણાય;
દુષણથિ દુરજ રહે સદાય;—રેણિ૦—૨
નારાયણના નામ સ્મરણ વિણ સ્વાસન સુને જાય;
હો, નારાયણ એમ કહીને ઉના સ્વાસ ભરાય,
સહજ ભવ સીંધુ પાર પમાય;—રેણિ;—૩
મુકુંદ મન આનંદ પામવા સદગુરૂ ચરણે જાય;
ગોદાની રેણિ રાખેતો પ્રભુ મળે પળમાંય;
વિસ્નુ પદ નિર્ભય સ્થાન પમાય;—રેણિ૦—૪

(પદ (૨૮) મું—આવો પ્રભુ પ્યારારે અખંડ સુખ દેવા—એ ઢબ;)
કેણિ સમ રેણી રખાવોરે રમાં પતિ પ્યારા;—ટેક.
રમાં પતિ પ્યારા રહો ન હવે ન્યારાઃ—કેણી સમ૦—૧
મળવું મ્હારે તમને પ્યારે, કુટેવ કરે વિઘ્ન ભારેરે;—
રમાં પતિ પ્યારા, રમા પતિ પ્યારા રહો ન હવે ન્યારા;—કેણિ૦—૨
કોપ, ન કરો, ધરો પ્રિતી પપ્રત્નપર; સુધારો સધ્ય ગુરૂદ્વારારેઃ—
રમાં પતિ પ્યારા, રમાં પતિ પ્યારા રહો ન હવે ન્યારા;—કેણિ૦—૩
મુકંદદાસને પાસજ રાખો, મનોરથ પુરો ખાસ, મ્હારારે;—
રમાં પતિ પ્યારા, રમાં પતિ પ્યારા રહો ન હવે ન્યારા;—કેણિ૦—૪

(પદ (૨૯) મું—મારૂં મનડું રોકયું ન રોકાયરે બંસી૦—એ ઢબ—)
ગોદા ગોવિંદા વિનવું દીન સાદેરે, મળવા મુજને હામ ઘણી;—ટેક.

હામ ધણીરે હરિના ધામ તણી;–ગોદા૦–૧
વિરજાની પાર ઉપર વૈકુંઠવર સુંદર (૨)
વરિ હરિ ક્યારે લઇ જાયરે, મળવા મુજને હામ ઘણી,–૨
હરી મારો હાથ ઝાલી, છેહ ન દ્યો વનમાળી, (૨)
પાળી રાખો પ્રીતેં પદમાંયરે,–૩
સદ્દગુરૂ ગોરદ્વારા, સબંધ થયો છે પ્યારા,
ન્યારાં રાખોતેશે સહેવાયરે;–મળવાં૦–૪
વેલા વ્હારેં આવો વ્હાલા વેગે લૈજાંઓરે,
લ્હાવો સેવાનો ચિત ચ્હાયરે;–મળવા૦–૫
મુકુંદ આનંદ અંતેં લિધો છે અનંતસંતે,
માગું એ આશા અન્ય સમાયરે;–મળવા૦

( પદ (૩૦) મુ–શ્રીવૈશ્નવ વેંકટનાથ સ્મરંરા–એ ઢબ, )
શ્રીગોદામાજીનાં જે ગાન કરે. વ્હેલાં સ્નાન કરે તરે તે ભવથી;–ટેક.
પ્રભુ પુજી કથામૃત પાન કરે, વરે વિસ્નુને વ્હાલાં થઇ સહુથી–શ્રી૦–૧
આચારિ આચરે, ગોદાગાન સ્મરે, ભાવેં ભોગ ધરે ભલાતે બહુથી;
પ્રભાતેં પ્રભુને પ્રિતેં પુજે નિત્યે, વ્હેલા ઉઠે સદાયે સુખે સહુથી–શ્રી૦ ૨
શ્રી વૈશ્નવ સર્વ તજીને ગર્વ કરો પર્વ ધનુર માસ ગૌરવથી;
અંતે ખાસ શ્રી વૈકુંઠ વાસ થશે, બચી જશે જરૂર તે રૌરૌથી–શ્રી૦૩
મુકુંદનો આનંદ તો ખાસ મળે વળે વેળા સુખી થાઇ તે સહુથી,
સદા સર્વનો સાર શ્રીપતિ વરે ઉગરે અનાદીના એ દુખ દવથી,–શ્રી૦–૪

# જાહેર ખબર.

શ્રી વૈષ્ણવ વિપ્ર મેઘજી લાલજી ( ઉર્ફે ) મુકુંદ રામાનુજ-દાસજી પુજારિ માંગરોળવાળા શ્રીમાન મ્હાત્માશ્રી અનંત પ્રસાદજીના કૃપા પાત્ર એમનાં બનાવેલ પુસ્તકો નીચેને સિરનામે વી. પી. થી મળે છે; નીચેનાં પુસ્તકો તૈયાર છે; વી. પી. થી મંગાવો. પૈસા ધર્માદામાં જશે; તેથી બીજી આવૃત્તિ થશે;

| નંબર. | નામ. | કીંમત. |
|---|---|---|
| ૧ | શ્રી રણછોડરાય રત્નમાળા–પદ ૧૦૮. રસીકરાગ | ૦–૪–૦ |
| ૨ | શ્રી રઘુરાય રત્નમાળા–પદ ૧૦૮. રસીકરાગ | ૦–૪–૦ |
| ૩ | શ્રી મેઘજીનાં મ્હાવાક્ય–દોહા–૫૦૦. ને ૫૦ કવિત | ૦–૪–૦ |
| ૪ | દીલનું દરપણ–૧૦–પ્રકરણ.(ઉર્ફે)મુકુંદના મનોભાવ | ૦–૮–૦ |
| ૫ | સંત પ્રભાવ–૮–પ્રકરણ. ટિકા સહિત–ગુજરાતિમાં | ૦–૨–૦ |
| ૬ | સંતોષ સુરત રૂ. ૧૧૩–દોહા–ટિકા ગુજરાતિમાં. | ૦–૨–૦ |
| ૭ | શ્રી દ્વારકાંધીશ નાગરબા ને મીરાં ચરિત્ર. ... | ૦–૨ |
| ૮ | શ્રી રામરક્ષાનું ગુજરાતિ ગાન. રસીક રાગમાં | ૦–૧–૦ |
| ૯ | શ્રી ધનુરમાસનું ધ્યાન, ગાયન ૩૦. રસીકરાગ. | |
| ૧૦ | શ્રી અનંત ઉપકાર આખ્યાન પુર્વરંગ સહિત. | ૦– |

ઉપરનાં પુસ્તકો મળવાનું ઠેકાણું–મું. માંગરોળબંદર.
જોશી પુર્ષોતમદાસ લાધાભાઈ ત્થા ભવાનભાઈ લાલજી-ને ત્યાં–ઠે. કોટનાથ પાસે નાગરવાડામાં ( કાઠીયાવાડ. )

# ( વ્હાલાં સજ્જનોને નમ્ર વિનંતિ

પ્રિય બંધુઓ અને બ્હેનો, આપણા ઉપર આપદ્ (
છે, તેનો દુઃખ તોડીને, અવળે રસ્તે દોડીને, વેદનાં પા
ડીને, વિષયમાં વૃત્તિ જોડીને, અનાદિથી મરવા અવત
તરવાની વાત ભુલીને, ફોગટનાં ફુલીને દોષોમાં, ડુબી
વૃથા વાતમાં વય વિતાડીયે છયે, તેમાં તારવા, નર્કથી
સદા સુખમાં સ્વીકારવાના સંદેશા વારંવાર જગ સરકાર, ઉદાર
સંતો સાથે, કહેવરાવે છે, વાણી દ્વારા જ્હેવરાવે ને પુસ્તક
દેવરાવે છે, તે, વારંવાર વાંચો ને વિચારો તો, ભવસાગરનો કિ
પાસે શ્રીનિવાસે કળિયુગમાં કરિ આપ્યો છે; તેને, પામવાને
ખમાં વિરામવાનું શ્રેષ્ટ સાધન ( ૮ ) આના ધન ખર્ચી
ઘો મંગાવો, આપ; કહેશો કે એવું શું છે; તો કહું છું કે,
કડકમકવાળું, દીવ્યજ્ઞાન, દર્શાવનારૂં ( દીલ; દરપણુ
પુસ્તક છે; જુજ કોપી છે માટે જ્હેયો તે પ્હેલો.

કરો, વી. પી. નો હુકમ નીચેને (

માંગરોળ બંદર. (કાઠીઆ

જોશી પુર્ષોતમદાસ લાધાજી

ઠે. કોટનાથ પાસે નં